વરસાદ ન આવતા અંબાજીના વેપારીઓએ ઉજાણી કરી સ્વૈચ્છિક બંધ પાળ્યો

શક્તિ,ભક્તિ અને આસ્થા નો ત્રિવેણી સંગમ એટલે જગવિખ્યાત ધામ અંબાજી ગુજરાત અને ભારત નું લોકપ્રિય શક્તિપીઠ છે ,અરાવલી ની પહાડો મા આવેલા આ ધામ ૫૧ શક્તિપીઠ મા આદ્યશક્તિપીઠ તરીકે જાણીતું છે આ મંદિર ઉપર ૩૫૮ સુવર્ણ કળશ આવેલા હોઈ આ મંદિર દેશ નું ગોલ્ડન શક્તિપીઠ તરીકે જાણીતું છે દેશભર ના માઈ ભક્તો અને વિદેશો મા રહેતા માતાજી ના ભક્તો આ ધામ મા દર્શન કરવા આવતા હોય છે ,ચોમાસા ની શરૂઆત આખા દેશમા થઇ ગઈ છે ત્યારે જગવિખ્યાત યાત્રાધામ મા આ વખતે વરસાદ ન આવતા અંબાજી ગ્રામ પંચાયત ના સરપંચ દ્વારા બુધવારે એક મિટિંગ કરી ગુરુવાર ના રોજ અંબાજી ગામ બંધ રાખી ઉજાણી કરવાનું નક્કી કરાયું હતુ, જેના પગલે આજે વહેલી સવાર થી આખા અંબાજી ગામ ના બજારો બંધ જોવા મળ્યા હતા. આજે અંબાજી ના તમામ બજારો બંધ જોવા મળ્યા હતા અને દુકાનો પણ બંધ જોવા મળી હતી આજે બપોર બાદ અંબાજી ના લોકો આસપાસ ના વિસ્તારો માં જઈ વન ઉજવણી કરશે અને વરુણ દેવતા ને રીઝવશે આ સાથે અંબાજી ગ્રામ પંચાયત દ્વારા અંબાજી ની શાળાઓ અને આંગણવાડી ને પણ બંધ મા જોડવા અપીલ કરવામાં આવી હતી ,આજે અંબાજી ના લોકો દેવ દર્શન કરી વરુણદેવતા ને વરસાદ માટે પ્રાર્થના કરશે સાથે અંબાજી આવતા માઈ ભક્તો ને કોઈ તકલીફ ના પડે તે માટે અંબાજી મંદિર ની ભોજનાલય ચાલુ રાખવામાં આવી છે સાથે આજે અંબાજી મંદિર પણ ખુલ્લું રહ્યું છે.

ખનીજ ચોરી કરતા નવ ડમ્પરો ઝડપાયા : ૧૭ લાખનો દંડ વસુલાયો

ખાણ ખનીજ વિભાગ અને આરટીઓએ તપાસ હાથ ધરી : ખનીજ ચોરો સામે કાયમ પગલાં ભરવામાં આવશે : અધિકારી

ખનીજ વિભાગ અને થાવર આરટીઓ દ્વારા રાત્રિના સમયે તપાસ હાથ ધરી નવ જેટલા ડમ્ફર

ઝડપી ૧૭ લાખ કરતાં પણ વધુ દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે ત્યારે તંત્રની આ કામગીરી લો કોઈ પણ બિરદાવી હતી.

બનાસ નદી માંથી રેતી ચોરી નું કૌભાંડ ચાલી રહ્યું છે અને ખનીજ ચોરી થઈ મોટાભાગના ડમ્ફર રાજસ્થાનમાં જઈ રહ્યા છે તે બાબતે ધાનેરાના જાગૃત નાગરિક દ્વારા ચેકપોસ્ટ પર લેખિતમાં રજૂઆત કરી હતી તો બીજી તરફ મીડિયાના માધ્યમથી પણ તંત્રને જાણ કરવામાં આવી હતી તંત્રને જાણ કરાતા થાવર આરટીઓ ચેકપોસ્ટ આરટીઓ અધિકારીએ ડમ્પર ચાલકો સામે લાલ આંખ કરી હતી અને તપાસ હાથ ધરતા ડમ્પર ચાલકો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા અને રાત્રિના સમયે જો રસ્તો અપનાવી ખનીજ ચોરી કરી રહ્યા હતા ત્યારે ગતરાત્રે થાવર આરટીઓ ચેકપોસ્ટ ના અધિકારી અને ખાણ ખનીજ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી ડમ્ફર ચાલકોને આ બાબતની માહિતી મળતા તેઓ આજુબાજુની હોટલોમાં ડમ્ફર ઉભા કરી દીધા હતા અને તંત્ર થી બચવાની કોશિશ કરી હતી પરંતુ અધિકારીઓ દ્વારા તપાસ કરી હોટલો પરથી પણ ખનીજચોરી કરતા ડમ્ફર અને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો કેટલાક ભર ચાલકો તો ડમ્ફર મુકી ફરાર થઈ જવા પામે છે તો કેટલાક ડમ્પર ચાલકોએ હોટલ ઉપર ગાડીઓ ખાલી કરી દીધી હતી.

અધિકારીઓની પુરી જાતની મહેનત વાત વહેલી સવારે ૯ જેટલી ગાડી પકડી રાખ્યો ચેકપોસ્ટ પર લઈ ગયા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે આ બાબતે અધિકારીઓ નો ટેલિફોનિક સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું એક કરોડ ૭૫ લાખ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને તમામ ડમ્પર ચાલકોનો અંદાજે ત્રણ ૧૭ લાખથી પણ વધુ થશે અને આવનારા સમયમાં પણ આવી જ કામગીરી ચાલુ રહેશે અને ખનીજચોરો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ડીસામાં સોડાની લારી પર ગેસનો બાટલો ફાટતાં યુવકનું મોત

ડીસા

બનાસકાંઠાના ડીસા ખાતે સર્જાયેલી વિચિત્ર ઘટનામાં ગેસનો બાટલો ફાટતાં ગંભીર રીતે ઘવાયેલા સોડાની લારી ચલાવતા યુવકનું સારવાર દરમ્યાન મોત નિપજતાં અરેરાટી મચી ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ડીસાની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ સામે રહેતા ૨૯ વર્ષીય કિશોરભાઈ રમેશભાઈ શર્મા સોડા સરબતની લારી ચલાવી પેટિયું રળતા હતા.દરમ્યાન, ગતરોજ ડીસા હાઈવે પર દિપક હોટલ ચાર સ્તા પાસે લારી ઉભી રાખી સોડા બનાવતા હતા ત્યારે સોડાની બોટલ ભરવા જતા સોડાના ગેસ મશીનનું પ્રેશર વધવાથી બાટલો ફૂટી જતા તેઓ ગંભીર રીતે ઘાયલ થતાં તેમને ડીસા સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. પરંતુ ડીસા સિવિલમાં પૂરતી સારવાર ન મળતા આ યુવકને વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું કરુણ મોત નિપજ્યું હતું. જોકે, મૃતકના ભાઈએ ડીસાની સિવિલ હોસ્પિટલમાં અપૂરતા સ્ટાફ અને સુવિધા સામે રોષ ઠાલવ્યો હતો.

થાવર આરટીઓએ ડમ્પર ચાલકો સામે લાલ આંખ કરતા

ડમ્પર ચાલકોએ ચોર રસ્તે જવાનું ચાલુ કર્યું : ચોર રસ્તે તંત્ર તાપસ હાથ ધરે : ધાખા અને અનાપુર વાળા ચોર રસ્તે ડમ્પર ચાલકોની લાઈન લાગી

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા

જિલ્લામાં ખનીજ ચોરીનું મોટું કૌભાંડ ચાલી રહ્યું છે ત્યારે આ બાબતે થાવર આરટીઓ ચેક પોસ્ટ પર જૂઆત કરતા અને મીડિયા ધ્વરા અવાજ ઉઠાવતા થાવર આર ટી ઓ અધિકારીઓએ લાલ આંખ કરી હતી અને બેફામ ડમ્પર ચાલકો સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરતા ડમ્પર ચાલકો માં ભારે ફફડાટ મચી જવા પામી હતી અને ચોર રસ્તા નો ઉપયોગ ચાલુ કર્યો હતો.

બનાસ નદી માંથી મોટાભાગ ની રેટ ચોરી કરી દિવસ માં ૧૫૦ વધુ ડમ્પરો રાજેસ્થાન માં જી રહ્યા છે અને જિલ્લા નું ખાણખનીજ વિભાગ મૂંગા મોઢે તમાશો જોયા કરે છે અને ખાન ખનીજ વિભાગ ક્યારેર ધાનેરા બાજુ ફરકતું પણ નથી ત્યારે જાગૃત નાગરિક ધ્વરા આ બાબતે થાવર આરટીઓ ચેક પોસ્ટ ના અધિકારીઓ ને લેખિત

માં રજૂઆત કરતા તેમને આ બાબતે તાપસ નો ધમધમાટ શરુ કર્યો હતો અને ડમ્પર ચાલકો માં ભારે ફફડતા મચી જવા પામ્યો હતો વહેલી સવારે ૪ વાગ્યા થી ૮ વાગ્યા સુધી બનાસ નદી માંથી રેટ ભરીને અસન્ખ્ય ડમ્પરો રાજેસ્થાન માં જાય છે તે અને તે બાદ રાત્રી ના સમયે પણ અસન્ખ્ય ડમ્પરો રાજેસ્થાન જાય છે તંત્ર ની આંખ માં ધૂળ નાખવા માટે ડમ્પર ચાલકો ગુજરાત પાર્સીંગ વાળા ડમ્પર નો ઉપયોગ કરે છે અને જયારે ચેક પોસ્ટ ઉપર ડમ્પરોને રોકવામાં આવે છે ત્યારે ડમ્પર ચાલકો લોકલ છું અહીંયા ગામડે જવાનું છે તેમ કહી ચાલતી પકડે છે અને રાજેસ્થાન માં રેતી પહોંચાડી રહ્યા છે ત્યારે હવે ધાનેરા ના લોકો ની માંગ છે કે તંત્ર જાગૃત બને અને ચોર રસ્તા ઉપર રાત્રી ના સમયેર અને સવાર ના સમયે એક એક ટિમ આ ચોર રસ્તા ઉપર તાપસ હાથ ધારે તો ૫૦ થી પણ વધુ ડમ્પરો ઝડપાય ત્યારે હવે જોવાનું એ રહે છે કે તંત્ર ક્યારે ટિમ બનાવી ચોર રસ્તા ઉપર તાપસ હાથ ધરે છે.

પાલનપુર તાલુકાના ભાગળ ગામે ટ્રસ્ટ દ્વારા ચાલતી હોસ્પિટલને જિલ્લા આરોગ્ય વિભાગને સોપાયું

પાલનપુર

પાલનપુર તાલુકાના ભાગળ ગામે આવેલ શ્રીમતી સ્નેહલત્તા કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલને આરોગ્ય વિભાગને સોપવામાં આવ્યુ હતુ.જેથી આગામી દિવસોમાં સરકારી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.

પાલનપુર તાલુકાના ભાગળ ગામે શ્રીમતી સ્નેહલત્તા કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ આવેલી છે.આ હોસ્પિટલ છેલ્લા ૧૨ વર્ષથી કાર્યરત હતી અને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સારવાર આપવામાં આવતી હતી. પરંતુ ત્યારબાદ દર્દીઓની સંખ્યામાં ઘટાડો થવાના કારણે ટ્રસ્ટ દ્વારા આ હોસ્પિટલને જિલ્લા આરોગ્ય વિભાગને આપવામાં આવતા આજરોજ આરોગ્ય વિભાગ દ્વારા ભાગળ આરોગ્ય સબ સેન્ટર શરૂ કરવામાં આવ્યુ છે અને આગામી દિવસોમાં ગામના દર્દીઓને તમામ પ્રકાર ની સારવાર મળી રહે તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવશે તેમ જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યુ હતુ.

પાલનપુરમાં વરમોરા દલિત યુવક હત્યા મામલે કલેક્ટરને આવેદનપત્ર

માંડલ તાલુકાના વરમોરા ગામે દલિત યુવકની કરપીણ હત્યા કરવાના મામલે આજે બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી આરોપીઓને તાત્કાલિક ધોરણે ઝડપી લઈ કડક સજા કરવા માંગ કરાઈ હતી. રાજ્યભર માં દલિત સમાજ પર અત્યાચારના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. તેમાં માંડલ તાલુકાના ભરમાર ગામે એક દલિત યુવકની કરપીણ હત્યા કરી દેવામાં આવી હતી. જે મામલે આજે બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠનના પ્રમુખ દલપત ભાટીયા સહિતના દલિત સમાજના આગેવાનો પાલનપુર સ્થિત જીલ્લા કલેકટર કચેરીએ દોડી આવ્યા હતા.

મેઘરજના નાની પાંડુલી ગામે ખેડૂતોનો હોબાળો

કોંગ્રેસના ધારાસભ્ય હર્ષદ રીબડીયા ગુજરાતના ખેડૂતોની 'સંપૂર્ણ દેવા-મુક્તિ' માટે વિધાનસભામાં ગુરુવારે ખાનગી બિલ લાવતા શાસક પક્ષ ભાજપે દેવા માફી વિધેયક ખાનગી બિલ માટેના મતદાનમાં બિલ વિરુદ્ધ મતદાન કરી છેદ ઉડાડી દેતા ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના નાની પાંડુલી ગામે ખેડૂતોએ હોબાળો મચાવ્યો હતો દેવા માફીની માંગ કરી હતી. મેઘરજના મોટી પાંડુલી ગામે ખેડૂતોએ દેવા માફી વિધેયક બિલ પસાર કરવા ધારાસભ્યોને સદબુદ્ધિ આપેની માંગ સાથે બિલ ના મંજુર થતા ખેડૂતોએ હોબાળો મચાવ્યો હતો અને ખેડૂતોના દેવા માફ કરવાના સૂત્રોચ્ચાર પોકાર્યા હતા અને ભાજપ સરકાર વિરુદ્ધ આક્રોશ ઠાલવ્યો હતો. ગ્રામજનોએ વરસાદ ખેંચાતા ખેડૂતોની હાલત કફોડી બનતા વરુણદેવને રીઝવવા રામધૂન પણ બોલાવી ભગવાનનું શરણ લીધું હતું.

શૌચમુક્ત ગામના બેનર લગાવનાર બાયડના રામોસ ગામમાં શૌચાલય ખંડેર હાલતમાં : કૌભાંડની આશંકા

બાયડ, તા. ૧૧

અરવલ્લી જીલ્લાને શૌચમુક્ત જીલ્લો જાહેર કરાયો છે જીલ્લામાં આવેલા ૬૭૬ ગામડાઓમાં વસવાટ કરતા પ્રજાજનો માટે શૌચાલય સુવિધા ઉપલબ્ધ છે.

અરવલ્લી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લામાં શૌચ મુક્ત ગામ આપનું સ્વાગત છે ના બેનર લગાવ્યા છે. જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના શૌચાલય બનાવવામાં આવ્યા છે જેમાં ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો છે. બેનર લગાવેલ બાયડના રામોસ ગામમાં જ તંત્ર અને કોન્ટ્રાક્ટરની મીલીભગતથી બનેલા શૌચાલય ખંડેર હાલતમાં હોવાથી ગામલોકો ખુલ્લામાં શૌચ કરવા મજબુર બન્યા છે.

બાયડ તાલુકાના રામોસ ગામે લાગેલ બેનર "ખુલ્લામાં શૌચ મુક્ત ગામ રામોસ"માં આપનું સ્વાગત છે કરતા તદ્દન વિપરીત પરિસ્થિતિ જોવા મળી રહી છે. જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની અધૂરી યોજના કાગળ પર પૂર્ણ બતાવવાની પોલ ખુલ્લી પડી ગઈ છે. રામોસ ગામમાં તંત્રની અને

કોન્ટ્રાક્ટરની મીલીભગતથી બનેલ શૌચાલયમાં અધૂરી કામગીરી કરવામાં આવી હોવાનું ગામલોકોએ જણાવ્યું હતું. ગામમાં બનેલા શૌચાલય બનાવવામાં લોટ, લાકડું અને પાણી વાપરવામાં આવતા શૌચાલયો તૂટી પડ્યા છે. ગામમાં શૌચાલયના અભાવે અનેક લોકો ખુલ્લામાં શૌચ કરવા મજબુર બન્યા છે. જીલ્લા કલેક્ટર અને રાજ્ય સરકાર દ્વારા અરવલ્લી જીલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી મારફતે બનાવેલ શૌચાલયની તપાસ કરવામાં આવે તો કરોડો રૂપિયાનું કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ રહેલી હોવાનું જાગૃત નાગરિકો જણાવી રહ્યા છે.

સલ્લા ગામની મહિલાને સાપે દંશ માર્યો

પાલનપુર તાલુકાના સલ્લા ગામમાં એક મહિલાને સાપ કરડ્યો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. સલ્લા ગામની ચંપાબેન મોહનભાઈ વાલ્મિકી નામની ૬૦ વર્ષીય મહિલા ખેતરમાં લીંબોળી વીણવા ગઈ હતી. જ્યાં આ મહિલાને સાપ કરડ્યો હતો. જે મહિલાને સારવાર અર્થે પાલનપુર સીવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જોકે, મહિલાને સાપ કરડતા આજુબાજુના લોકોએ સાપને મોતને ઘાટ ઉતાર્યો હતો. મહિલાના પરિવારજનો મૃત સાપને થેલીમાં ભરી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં લઈ આવ્યા હતા. જેને પગલે કૌતુક સર્જાયું હતું.

ભાજપના સદસ્યતા અભિયાનમાં પાલનપુર મંડલમાં સૌપ્રથમ ૧૦૧ સદસ્યોની નોંધણી કરાઈ

વર્તમાનમાં ભારતીય જનતા પાર્ટીનું સંગઠન પર્વ સદસ્યતા અભિયાન- ૨૦૧૯ શરૂ થયું છે. જેમાં જે કોઈ કાર્યકર્તા ૧૦૦ પ્રાથમિક સદસ્યોની નોંધણી કરી પાર્ટીમાં ફોર્મ જમા કરાવશે તેને જ સક્રિય સભ્યનું કાર્ડ મળશે. જેથી ભાજપના મોટા ભાગના કાર્યકર્તાઓ હાલમાં પ્રાથમીક સદસ્યોની નોંધણી કરતાં જોવા મળી રહ્યા છે.

જેમાં હાલમાં પાલનપુર નગરપાલિકા પૂર્વ નગર સેવક ભરત ઠાકોર કે જેઓ પાલનપુર શહેર બક્ષીપંચ મોરચાના પ્રભારી તરીકેની જવાબદારી મળેલ હોઈ પોતાની ટીમને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી માત્ર બે જ દિવસના ટૂંકા સમયગાળામાં ૧૦૧ પ્રાથમિક સદસ્યોની નોંધણી કરી પાર્ટીમાં ફોર્મ જમા કરાવી દાખલો બેસાડયો છે. જેની ભાજપના અગ્રણીઓએ પણ સરાહના કરી હતી.

પ્રાંતિજમાં અવાર-નવાર વીજપ્રવાહ ડુલ

વિજળી બીલ બે મહિનાને બદલે સવા બે મહિને કે અટી મહિને અપાય છે

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા ચાર એક મહિનાથી છાશવારે વીજપ્રવાહ ડુલ થતાં અસહ્ય ગરમીમાં અબાલ વૃધ્ધો બાળકો બિમાર સહિત ગરમીમાં તોબાતોબા પોકારી ઉઠયા છે. નગરજનો વિજ ગ્રાહકો દ્વારા અનેકવાર રજુઆતો કરવા છતા નઠોર વીજતંત્ર ગેનમા જ.

પ્રાંતિજ ખાતે અવારનવર છાશવારે યંત્ર યુગમાં પણ વીજપ્રવાહ ડુલ થવાને લઈને અસહ્ય ગરમીમાં નગરજનો સેકાઈ જાય છે અને ગરમીથી તોબા તોબા પોકારી ઉઠે છે તો ઓફિસ કચેરીઓમા વિજ પ્રવાહ બંધ થતાં કામકાજ ઠબ થઈ જાય છે. અસહ્ય ગરમીમાં વૃધ્ધો બાળકો સહિત બિમાર દર્દીઓ સહિત ગરમીમાં તોબા પોકારી ઉઠે છે. નઠોર તંભમાં વીજ ગ્રાહકો દ્વારા અનેકવાર રજુઆતો કરવા છતા કોઈજ નકોર

કામગીરી હાથ ધરવામાં આવી નથી અને નઠોર તંત્ર હાલ તો જાણે ગોર નિંદ્રામાં હોય તેવું જણાઇ આવે છે. વિજપ્રવાહ બંધ થતાં જ વિજકંપનીનો ટેલીફોન પણ બંધ થઈ જાય છે અથવા તો કેસેટ ચાલુ થઈ જાય છે તો વિજ અધિકારીઓના ફોન પણ બંધ અથવા ચાલુ હોય તો વિજ અધિકારીઓ લાઈટો ડુલ થતાં ફોન પણ ઉપાડવાની તસ્દી પણ નથી લેતા. અવાર નવાર વીજપ્રવાહ ખોરવાતા ગામડાઓમાંથી સરકારી કચેરીઓમાં આવતાં લોકોના કામકાજ અટવાઈ પડે છે ખેડૂતોને પણ કચેરીઓમાં ઉતારા માટે લાઈનોમાં ઉભા રહ્યાં બાદ વિજળી ડુલ થતાં એક બે કલાક બેસી રહેવાનું કે પછી વીલા મોંઢે પરત જવાનો વારો આવે છે. બીજીબાજુ વિજકંપની દ્વારા વિજળી બીલ પણ બે મહિનાનું લેવાનું હોય છે ત્યારે પ્રાંતિજમા વિજકંપની દ્વારા બે મહિનાની જગ્યાએ સવા બે મહિને આપે છે જેથી યુનિટમાં વધારો થતાં વિજ ગ્રાહકોને વિજબીલ વધારે આવે છે અને નગરજનોને વધુ ચાર્જ ચુકવવો પડે છે ત્યારે નગરજનો દ્વારા અવારનવાર રજુઆતો કરવા છતાં નઠોર તંત્ર દ્વારા કોઈ જ કાયમી નિકાલ કે કાર્યવાહી કરવામાં આવતી નથી. વિજકંપની સામે નગરજનોનો રોષ જોવા મળી રહ્યો છે અને આવનાર દિવસોમાં નગરજનોનો રોષ વીજતંત્ર ઉપર ભભૂકી ઉઠે તો નવાઈ નહી.

મોડાસામાં સાબરમતી સીએનજી સ્ટેશનનું કલેક્ટરના હસ્તે લોકાર્પણ

અરવલ્લી જિલ્લામાં સાબરમતી ગેસ દ્વારા ઘરે ઘરે ગેસ આપવા માટે જોર-શોરથી કામ ચાલુ છે. ત્યારે જિલ્લામાં સાબરમતી સીએનજી સ્ટેશનન માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજિત પાંચ કરોડના ખર્ચે નિર્માણ થનારા સીએનજી સ્ટેશનથી આસપાસના પચાસ કિલો મીટરના વિસ્તારના લોકોને સીએનજી ગેસ સ્ટેશનનો લાભ મળશે. જિલ્લાની જનતાને ઘરે પાઈપલાઈનથી ગેસ મળી રહે તે માટે ૭૫ કરોડની કિંમતની એક સ્ટોલ પાઈપલાઈન સાબરમતી ગેસ લિમિટેડ દ્વારા બિછાવવાની કામગીરી કાર્યરત છે, આ પાઈપલાઈનથી જિલ્લામાં ઘર વપરાશ તેમજ ઔધોગિક અને વાણિજ્યિક સંસ્થાઓ તથા વાહનચાલકોને કુદરતી ગેસની જરૂરિયાત પૂરી કરાશે. વર્ષ ૨૦૨૦ સુધીમાં અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓને સીએનજીના નેટવર્ક હેઠળ આવરી લેવાની યોજના છે.